| | |
|---|---|
| | દાખલ થયા તારીખ ::-૨૬/૧૧/૨૦૨૪ |
| | નોંધણી થયા તારીખ ::-૨૬/૧૧/૨૦૨૪ |
| | ફેંસલ થયા તારીખ ::- ૩૦/૦૬/૨૦૨૬ |
| | |

**નર્મદાના મહે. એડી. સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કોર્ટ સમક્ષ, મુ. રાજપીપલા**

**ફોજદારી કેસ નં.૩૮૯૬/૨૦૨૪**

**આંક-**

ફરીયાદી: શ્રી સરકાર

:- વિરૂધ્ધ-:

તહોમતદાર:- પરેશભાઇ દેવેન્દ્રભાઇ વસાવા

રહે.રાણીપરા છેલ્લુ ફળીયુ, તા.નાંદોદ,જી.નર્મદા

**ગુન્હો:-** એમ.વી.એકટ કલમ-૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી

ફરીયાદપક્ષ તરફે ::- વિ. એ.પી.પી.શ્રી.એચ.જે.વકીલ

તહોમતદાર તરફે ::- વિ.વ.શ્રી.પી.આર.તડવી

::- **ચુકાદો** -::

૧. ફરીયાદપક્ષના કેસની સંક્ષીપ્ત હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૬:૩૦ વાગે મોજે રાજપીપલા રંગ અવધુત ત્રણ રસ્તા ખાતે પોતાના કબજામાની મો.સા. રજી.

નં.જીજે–૨૨–ઈ–૯૩૫૭ ની કેફી પીણુ પી નશો કરેલ હાલતમાં વાંકી ચુકી ચલાવી લાવી ડ્રાયવીંગ લાયસન્સ સાથે નહી રાખી પકડાઇ જઇ, એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કરતા તે અન્વયે રાજપીપલા પો.સ્ટે.માં તેઓ વીરૂધ્ધ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવલ છે. જે અનુસંબાને તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. રજુ કરવામાં આવેલ ચાર્જશીટ અંગે ગુનાનુ સંજ્ઞાન લઇ અને ચાર્જશીટ દાખલ કરી આ કામના આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરવામાં આવતા, સદર આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ. આરોપી હાજર થતા તેઓને હાલના ચાર્જશીટ સંલગ્ન તમામ તપાસના કાગળોની નકલો ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. તેમજ આ કામે આરોપીની આંક–૪ થી પ્લી નોંધવામાં આવતા તેઓએ હાલના ગુનાનો ઇન્કાર કરી આક્ષેપી ગુનાની કાર્યવાહી આગળ ચલાવવા તથા તેમાં પોતાનો બચાવ રજુ કરવા માંગતા હોવાનુ જાહેર કરતા આક્ષેપીત ગુનાની કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩ . સદર કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

સદર કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u>:–

| <u>સાહેદ નંબર</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | પંચસાહેદ ગુલામનબી મોહમદભાઇની જુબાની | ૫ |
| ૨ | ફરીયાદી બામણજીભાઇ ભુરાભાઇની જુબાની | ૮ |
| ૩ | ડો.હાર્દીકભાઇ પઢીયારની જુબાની | ૧૨ |

<u>દસ્તાવેજી પુરાવો</u>:–

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચનામું | ૬ |
| ૨ | ફરીયાદ | ૯ |
| ૩ | ફોર્મ – એ | ૧૩ |
| ૪ | ફોર્મ – સી | ૧૪ |

આ સીવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આ કામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ હેઠળના વધારાના નીવેદન લેવા જેટલો પુરાવો ન હોય આરોપીનુ વીશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી.

(૪) આક્ષેપીત ગુનો સાબીત કરવા માટે અમારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

::–મુદ્દા–::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ કલાક ૧૬:૩૦ વાગે મોજે રાજપીપલા રંગ અવધુત ત્રણ રસ્તા ખાતે પોતાના કબજામાની મો.સા. રજી. નં.જીજે–૨૨–ઈ–૯૩૫૭ ની કેફી પીણુ પી નશો કરેલ હાલતમાં વાંકી ચુકી ચલાવી લાવી ડ્રાયવીંગ લાયસન્સ સાથે નહી રાખી પકડાઇ જઈ, એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

::– નિર્ણયો–::

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

::–કારણો–::

મુદા નં.૧:–

(૬) ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આરોપીના શરીર સ્થીતીના પંચનામાના પંચસાહેદને આંક–૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૬ ના આરોપીની શરીર સ્થીતીના પંચાનામાના

પંચસાહેદ છે. તેઓ તેમની જુબાનીમાં રજુ આરોપીના શરીર સ્થીનુ પંચનામું જોઇ તેમાં પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદો ફરીયાદપક્ષના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ અને પંચનામામાં માત્ર સહી પુરતી જ હકીકતો જણાવે છે. આ સંજોગોમાં સદર પંચસાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

(૭) ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૮ થી પોલીસ સાહેદને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની સરતપાસમાં આંક–૯ થી રજુ ફરીયાદને સમર્થનકારક હકીકતો જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે બનાવવાળી જગ્યાએ મુખ્ય રસ્તો છે અને વાહનોની અવર જવર રહે છે. તેઓ કબુલ કરે છે કે આરોપી જે તે વખતે કોઇને અવરોધરૂપ થયેલ નથી કે કોઇને નુકશાન કરેલ નથી. તેઓ કબુલ કરે છે કે ફરીયાદીની ફરીયાદમાં સાક્ષીના નામ જણાવેલા નથી અને આ કામના પંચો કાયમી પંચો છે. તેઓ કબુલ છે કે આરોપીએ કેફી પીણુ પીધુ હોવા બાબતે બ્રેથએનાલાઇઝર મશીન વાપરેલુ નથી. પંચનામું બનાવવાળી જગ્યાએ સ્થળ ઉપર કરેલુ. તેઓ કબુલ કરે છે કે કોઇ ઇસમ કેફી પીણુ પીધેલી હાલતમાં ગાડી ચલાવતા હોય તો એ વાહનને તેમને કબજે લેવાનુ હોય છે.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી તબીબી અધીકારીશ્રીને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે પોતાની ફરજ પર હાજર હતા ત્યારે આ કામના આરોપીને પોલીસ યાદી સાથે તપાસણી માટે તેઓની સમક્ષ લાવવામાં આવેલ. તે સમયે આરોપીના શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હતી. તેની ભાષા સામાન્ય હતી અને ચાલ સ્થી હતી તેમજ આંખની કીકી પહોળી હતી. તેઓના અભીપ્રાય મુજબ વ્યકિતએ આલ્કોહોલ લીધેલ હતો અને તે આલ્કોહોલની અસર તળે ન હતો. જે બાબતનુ તેઓએ ફોર્મ–એ ભરેલ જેમાં આરોપીની સહી તથા તેઓની સહી ઓળખી બતાવે છે. જેને આ કામે આંક–૧૩ આપી કામે

સામેલ કરવામાં આવેલ. તેમણે આરોપીના ડાબા હાથની કોણીના ભાગે ડીસ્ટલ વોટરથી સાફ કરી નીરિલાઇલ સીરીંજથી ૦૫ એમ.એલ. બ્લડ લીધુ અને તે બ્લડને એંટી કોએગ્યુલલેન્ટ સાથે મીક્ષ કરી વાઇલમાં પેક કરી વાઇલને સીલબંધ કરી તીજોરીમાં મુકેલ. તેના બીજા દીવસે ફોરેન્સીકમાં મોકલી આપેલ. સદર આરોપીને તેમણે સ્પીરીટના ઉપયોગ વગર જાતે સીરીંજ અને નીડલ વડે લઇને તે જ દીવસે સોડીયમ ફલુરાઇડ અને પોટેશીયમ ઓકઝાલેટ બલ્બમાં નાંખીને સીલ બંધ કરીને લેબલ લગાડીને તેમની પોતાની તીજોરીમાં લોક કરીને મુકેલ હતી. જેને આર.પી.એડી.થી ફોરેન્સીક સાયન્સ ગાંધીનગર તરફ મોકલાવેલ હતુ તેઓએ આ કામે આંક–૧૪ થી ફોર્મ–સી રજુ કરેલ છે જે મુજબ લોહીમાં આલ્કોહોલનુ પ્રમાણ ૦.૦૬૨૪ આવેલુ છે. જે તેઓના અભીપ્રાય મુજબ સામાન્ય કરતા વધારે છે.

સદર ડોકટર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, જે તારીખે સેમ્પલ લીધેલુ તે દીવસ તેમના નામનુ કોઇ સીલ હતી નહી. પંરતુ હોસ્પીટલના નામનુ સીલ હતુ. જયારે તેમની પાસે આરોપીને બ્લડ લેવામાં લાવવામં આવે ત્યારે તે અંગેનુ એક રજીસ્ટર તેઓ મેઇન્ટેઇન કરતા હોય છે જે રજી.ની નકલ તેઓએ હાલના કામે રજુ કરેલ નથી. તેઓ કબુલ કરે છે કે આલ્કોહોલ લીધો છે તેવુ કોઇ યાંત્રીક મશીન દવાખાનામાં નથી. તેઓ કબુલ કરે છે કે તેમણે આરોપીનુ ઓળખ અંગેનુ કોઇ પુરાવો લીધેલ નથી. તેઓ કબુલ કરે છે કે તેમણે બ્લડ સેમ્પલ તૈયાર ફીઆલ જે આવે તેમાં લીધેલુ. સદર ફીઆલમાં તેઓએ એન્ટીકોઇગ્યુલન્ટ તરીકે સોડીયમ ફલોરાઇડનો ઉપયોગ કરેલ અને પ્રીઝરવેટીવ તરીકે પોટેશીયમ ઓકઝેલેટનો ઉપયોગ કરેલો. તેઓ કબુલ કરે છે કે પ્રીઝરેટીવનુ ચોકકસ પ્રમાણ તેમની સરતપાસમાં જણાવેલ નથી. તેઓ કબુલ કરે છે કે જો એન્ટીકોઇગ્યુલન્ટ અને પ્રીઝરેટીવ ઓછા કે વધારે પ્રમાણમાં નાંખવામાં આવે તો સેમ્પલમાં ફેરફાર થઇ શકે છે. તેઓ કબુલ કરે છે કે જો કોઇ વ્યકિત બીમાર હોય તો દવાઓના લીધેલ અથવા અમુક ફળોના સેવનથી પણ આલ્કોહોલની વાસ આવી શકે છે. તેઓએ ફીઆલ આંટાથી વળી શકે તેવા ઢાંકણાથી સીલ કરેલુ. તેઓ કબુલ કરે છે કે જો ઓકશીડેશનનુ પ્રમાણ વધે તો સેમ્પલમાં ૦.૦૧ માત્રામાં ફેરફાર આવવાની શકયતા રહે છે.

હાલના કામે સેમ્પલ લીધા પછી તેને તેમની કસ્ટડીમાં લોકરમાં રાખવામાં આવેલુ. તેઓ કબુલ કરે છે કે સદર લોકરમાં અન્ય સેમ્પલ પણ રાખવામાં આવે છે. તેઓ કબુલ કરે છે કે કોઈ પણ લોહીના સેમ્પલ બહાર રાખવામાં આવે તો સેમ્પલમાં ઘટ થઈ શકે છે. તેઓ કબુલ કરે છે કે હાલના કામે તેઓએ સેમ્પલ આર.પી.એડી.થી મોકલેલ જે આર.પી.એડી. સ્લીપ હાલના કામે રજુ કરેલ નથી. તેઓ કબુલ કરે છે કે મેડીકલ સ્ટોરમાં શરદી કે ખાંસીની દવાઓમાં પણ આલ્કોહોલનુ પ્રમાણ હોય છે. તેઓ કબુલ કરે છે કે જો સદર દવાઓ વધારે પ્રમાણમાં લેવામાં આવે તો પણ આલ્કોહોલની અસર રહે છે.

(૯) પ્રોહીબીશન મેડીકલ એકઝામીશન બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ મુજબ નિયમો નકકી કરવામાં આવેલ છે જેમાં લોહી એકત્ર કરવાની અને આગળ મોકલવાની રીત રૂલ-૪ માં દર્શાવવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

***4. Manner of collection and forwarding of blood***

***.—(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.***

***(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.***

(૧૦) વધુમાં અત્રેની અદાલતને ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન નં. ૨૦૫/૧૯૭૦ નો મલાહાવરાવ ભગવાનદાસ ખરાડે વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાન ઉપર છે, જે ચુકાદાને માનપુર્વક ધ્યાને લ ેવામાં આવે તો પારા-૫ માં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, ડોકટરશ્રીએ તેઓની જુબાનીમાં લોહી લેતી વખતે આલ્કોહોલ ટચ કરેલ નથી તે જણાવવુ જોઈએ. આ એક મેન્ડેટરી રૂલ છે. જે ચુકાદાનો પેરા-૫ રીલેવન્ટ પાર્ટ નીચે મુજબ છે.

***Case Name: MALAHAVARAO BHAGWANDAS KHARADE Vs. STATE***

***( 5 ) RULE 4 (2) of the Rules provides - the sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection................; and <u>what is more important is that he has not stated that he had not allowed alcohol to touch at any stage while withdrawing the blood from the body of the person. This is equally a mandatory rule since the</u>***

***<u>percentage of the alcohol is bound to increase if the alcohol was allowed to touch the syringe or any receptacle in which blood was drawn.</u>***

**(૧૧)** હાલના કેસમાં પણ ડોકટરશ્રીએ પોતાનો પુરાવો આપેલ છે. ઉપરોકત ચુકાદા તથા હકીકતોને ધ્યાને લેતાં ફરીયાદપક્ષનાં સાહેદ ધ્વારા નિયમ–૪ ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ નથી. વધુમાં, ઉપરોકત ચુકાદામાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે તે મુજબ ડોકટરશ્રી નિયમ–૪ નું પાલન કર્યા અંગે વિસ્તૃત પુરાવો આપતા હોય ત્યારે લોહી કલેકટ કરતી વખતે તેઓએ આલ્કોહોલને સ્પર્શ કરેલ નથી, અંગેનો પુરાવો આપવો જોઈએ તેવો પુરાવો કોઈ રેકર્ડ પર જણાતો નથી, જેથી નિયમ–૪ નું પુરતુ પાલન થયેલ નથી તેવુ માનવાને રહે છે.

**(૧૨)** ફોજદારી કેસમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલ છે, જયારે કોઈ પીનલ પ્રોવીઝનના અનુસંધાને કોઈ મેન્ડેટરી રૂલ નકકી કરવામા આવેલ હોય, ત્યારે તે રૂલનું યોગ્ય રીતે પાલન કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની જવાબદારી પણ પ્રોસીકયુશનની હોય છે. હાલના કેસમાં ડોકટરશ્રીએ પોતાની વિસ્તૃત જુબાનીમાં તેઓએ આલ્કોહોલને ટચ કરેલ નથી તેવો પુરાવો રેકર્ડ પર આવેલ નથી, ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદા મુજબ ફરીયાદ પક્ષનો આ પુરાવો શંકાસ્પદ ગણી શકાય અને આ હકીકત ન જણાવવાને લીધે તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે, રૂલ–૪ માં મેન્ડેટરી પ્રોવીઝન્સનું પાલન થયેલ છે કે કેમ ? તે શંકાસ્પદ છે ત્યારે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૩)** વધુમાં હાલના તબીબી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આ શીશી લોહીના નમુના લીધા બાદ સીલ કરવામાં આવેલ હોવાની હકીકત આ કામે હાલના સાહેદ જણાવી રહેલ છે. પરંતું આ સીલ કોનું હતું તે બાબતે કોઈ હકીકત જણાવતા નથી. જયારે આ કામે લોહીના નમુના વાળી શીશી પર તબીબી અધિકારીશ્રીએ પોતાનું સીલ મારવાનું ફરજીયાત હોય છે. આ કામે આ તબીબી અધિકારીશ્રીએ આ લોહીના નમુના વાળી શીશી હોસ્પિટલનું સીલ મારેલ હોવાનુ જણાવે છે પરંતુ તબીબી અધિકારીશ્રીએ પોતાનું સીલ મારવાનું ફરજીયાત હોય છે. વધુમાં તબીબી સાહેદ આરોપીનું ઓળખ અંગેનો કોઈ પુરાવો લીધેલ ન હોવાની તેમજ આ કામના આરોપીનું બ્લડ લીધા અંગેના રજીસ્ટરની નકલ પણ રજુ કરેલ ન હોવાની હકીકત જણાવે છે અને તેમજ તપાસવામાં આવેલ પંચો પણ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓ આરોપીની શરીરસ્થિતિના પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. આમ, બનાવના દિવસે આ કામના આરોપીની અટક કરવામાં આવેલ અને આ કામના આરોપીનું જ બ્લડ લેવામાં આવેલ કે કેમ તે હકીકત રેકર્ડ પરના પુરાવા પરથી સ્પષ્ટ થઈ શકતી નથી.

આમ, ફરીયાદપક્ષ આરોપીએ એમ.વી.એકટની કલમ ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ ૬૬ (૧)બી મુજબનો ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

આમ, ફરીયાદપક્ષનાં પુરાવા પરથી આરોપી એ એમ.વી.એકટની કલમ ૧૮૫ નો ગુનો કરેલ હોવાનું પુરવાર થતુ ન હોય ત્યારે આરોપીને એમ.વી.એકટની કલમ ૩, ૧૮૧ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહિ. આમ ફરીયાદપક્ષ

આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદૃા નં.૧** નો જવાબ નકારમાં ઠરાવી **મુદૃા નં.૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## ::– આ ખ રી હુ ક મ –::

આ કામનાં આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૫(૧) અન્વયે એમ.વી.એકટની કલમ ૧૮૫, ૩, ૧૮૧ તથા પ્રોહી એકટની કલમ ૬૬(૧ )બી) મુજબનાં ગુનાનાં કામેથી પુરાવાનાં અભાવે, શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદૃામાલ પાવતીમાં દર્શાવેલ મુદૃામાલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને શરતો અપીલ સમય બાદ રદ ગણવી તેમજ મુદૃામાલ વાહન અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ માલિકીપણાંની ખાતરી કરી તેના ખરા માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલનાં કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીનાં સમયગાળા માટે આરોપીએ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૩૦ મી, માહે–જુન, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:–૩૦/૦૬/૨૦૨૬ (હસમુખભાઈ જયસંગભાઈ પરમાર)
સ્થળ:–રાજપીપળા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નર્મદા, મુ.રાજપીપળા.
**Judge code GJ 01467**